SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal) Volume 3, Issue-5,Oct-Nov-Dec: 2025
Published by Rangmati Publicationhttps://www.rangmatipublication.com

# પુષ્પાબહેન મહેતાની નવલકથા 'આ લોક પરલોક'નો સમીક્ષાત્મક અભ્યાસ

ડૉ. કીર્તનકુમાર વી. ભુરિયા

## ◈ પુષ્પાબહેન મહેતા (૨૧/૦૩/૧૯૦૫)– (૧૯૮૮) :

પુષ્પાબહેન મહેતાનો જન્મ ૨૧/૦૩/૧૯૦૫ના રોજ પ્રભાસપાટણમાં થયો હતો. જનાર્દનરાય મહેતા સાથે ૧૯૨૦માં લગ્નગ્રંથિથી જોડાય છે. તેઓ એમ.એ. થયાં, ૧૯૩૯માં 'વિકાસગૃહ'ની સ્થાપના કરી. 'હિન્દ છોડો'ની ૧૯૪૨ની લડતમાં તેમની ધરપકડ પણ થઈ. ૧૯૫૫માં તેમને 'પદ્મભૂષણ'નો ઈકલાબ પણ મળે છે. ૧૯૬૬માં રાજ સભાના સભ્ય બન્યાં. તેઓશ્રીએ ૧૯૮૫માં જૂનાગઢ માં 'શિશુમંગલ' સંસ્થાની સ્થાપના કરી. ૧૯૮૮માં તેઓ મૃત્યુ પામ્યાં. પુષ્પાબહેન મહેતા પાસેથી ચાર નવલકથાઓ ગુજરાતી સાહિત્યને મળી છે. 'ખડ ખૂટ ં', 'આ લોક પરલોક', 'ભવનાં ઓશિયાળાં', 'નવો અવતાર'. એમનાં આ નવલકથા સાહિત્યને તપાસવા 'આ લોક પરલોક' નવલકથા વિશે વિગતે જોઈએ:

## ❋ કૃતિ પરિચય :

પુષ્પાબહેન મહેતા એટલે માત્ર સર્જક નહિ, મહિલાઓના ઉત્કર્ષ માટે ઝઝૂમનાર એક સન્નારી. યશવન્ત મહેતા એમના વિશે નવલકથાનાં અંતિમ પૃષ્ઠ પર લખે છે : ''પાંચેક વર્ષ અગાઉ એમની નવલકથા 'ખડ ખૂટ ં' પ્રકાશિત થઈ ત્યારે આખા ગુજરાતે ચોંકીને કહ્યું : રે! એ નારી ઉત્કર્ષની પ્રવૃત્તિમાં ન પડ ં હોત અને સાહિત્યસર્જક જ બન્યાં હોત તો ગુજરાતી સાહિત્યમાં પ્રથમ હરોળનું સ્થાન પામ્યાં હોત!'' [૧]

યશવન્ત મહેતા 'આ લોક : પરલોક' વિશે જણાવે છે – ''આ લોક : પરલોક' આપણી ભાષાની વિરલ નવલકથાઓમાં સ્થાન પામશે એ ચોક્કસ છે. ૧૯મી સદીના અંત અને ૨૦મી સદીના પ્રારંભનાં સૌરાષ્ટ્રનાં જીવન, સંસ્કારો અને માન્યતાઓ તથા માનવીઓની હૂબહૂ તસવીર અહીં અંકિતત છે. એ હૂબહૂ બની છે. કારણ કે એને અનુભવનાં અમૃતનું સિંચન સાંપડ્ ં છે.''[૨]

'આ લોક : પરલોક' નવલકથા સૌરાષ્ટ્રનાં સ્થળો, વીસમી સદીના આરંભનો કાળ અને સૌરાષ્ટ્રની વિવિધ ભાષા, જાતિ, રહેણીકરણીનો આબેહૂબ ચિતાર દર્શાવે છે.

સૌરાષ્ટ્રનો એ ઉનાળાનો ધોમધખતો તાપ, માણસથી સહેવાય નહીં એવી સ્થિતિ અને ગિરજાને ત્યાં હરિશંકર માંદો પડે. ગિરજા દીકરાનાં આયુષ્ય માટે માતાજીને વંદન કરે. પૂજા–અર્ચન, આજીજી કરે. હરિશંકરની તબિયતમાં સુધારો થાય. ગિરજાનો ભૂતકાળ ચિત્રપટ્ટ પર તાદશ થાય છે.

શિવશંકરની પ્રથમ પત્નીનું મૃત્યુ થયા પછી બીજી પત્ની ગિરજા સાથે લગ્ન થાય છે. ગિરજા માત્ર પચીસ વર્ષ આસપાસને શિવશંકર પચાસની આજુબાજુ ! પરંતુ પુત્રના જન્મ માટે બીજાં લગ્ન કરે. પ્રથમ પત્નીની પુત્રી કમળનાં લગ્ન થઈ ગયેલાં. ફુલશંકર જેવો સારો, ધનિક, માયાળુ જમાઈ મળ્યો. શિવશંકરને ત્યાં હરિશંકરનો જન્મ થયો. ત્રણેય વર્ષનો થયો ન થયો ને પિતા શિવશંકર મકાનનો આગળનો ભાગ પડતાં મૃત્યુ પામે છે. મા–દીકરો એકલા પડ ં. પિતરાઈનો ત્રાસ, પ્રભુદાસની હેરાનગતિ હતી ત્યારે કમળા નવી મા પાસે આવે એમનાં અધૂરું મકાન પૂર્ણ કરાવે છે. હરિ મોટો થાય, ભણે, ગણે, નોકરીમાં લાગે ને માણેક સાથે લગ્ન કરે. રાજનગરમાં આ પરિવાર રહેવા લાગે છે.

મા–દીકરો અનંતપુર મામાનાં ઘરે જાય છે. ગિરજા પોતાના ભાઈ મનસુખ માનશંકરને મળે. નર્મદાનાં ખરાબ વર્તન, ચોરી, લૂંટ, ખરાબ વિદ્યાના દાવપેચ, મામદ જેવા બહારવટિયાની સાથે ફરનારી આ વાતો સાંભળી હરિશંકર–ગિરજા ડઘાઈ જાય છે.

હરિના સસરા આદિતરામ રાજાના કારભારી હતાં. આદિતરામ ગોરાને પકડી જાય. માનેલ બહેન મીઠીભાઈને છોડાવે. આદિતરામ કાયમી માટે મૂંગા અને ગાંડા જેવા થઈ ગયા. આદિતરામ મૃત્યુ પામે છે. તેમની ઉત્તરક્રિયા થાય છે. આદિતરામના પુત્ર

જન્મશંકર સાથે રંભાનાં લગ્ન થાય છે. નર્મદાના ભાઈ પ્રાણલાલ સાથે બાળાનાં લગ્ન થાય છે. પ્રાણલાલ નર્મદાનો ભાઈ છે. જે જુગાર, મદિરા, ચોરી, લૂંટ, બહાવટિયાને મદદ કરવી જેવાં કામો કરે છે. બાળાને બે દીકરીઓ જન્મે છે. બાળા મૃત્યુ પામે છે. બંને દીકરીઓ દાદા–દાદી પાસે રહે છે.

પ્રાણલાલ રતની સાથે પરાણે શરીરસંબંધ બાંધે છે અને રતની પ્રાણલાલ સાથે જ રહેવા લાગે છે. પ્રાણલાલ અને નર્મદાનાં કૂકર્મો બહાર આવતાં અને બહારવટિયાને સમર્થન આપવામાં બંને પકડાય છે.

નર્મદાને પોલીસખાતામાં થોડો સમય રાખવામાં આવે છે. પોલીસનાં માણસો રાજકોટથી તપાસ કરનારને બોલાવે, રાજકોટવાળા અધિકારી નર્મદાનાં વર્તનથી ડરી તેને છોડી મૂકે છે.

હરિની નોકરી કાયમી થાય છે. હરિશંકરને બે દીકરા અને બે દીકરી હોય છે. ગિરજા દ્વારકા સંઘ સાથે જાય છે. રાયદે ભાયા બૂચક બહારવટિયા આડા ફરે અને બહારવટુ કરી ચાલ્યા જાય. કમળાના પતિ અને બંને દીકરા દરિયામાં ડૂબી જાય. કમળા અને તેની બે વહુ જ ઘરમાં વધે છે. પુરુષ વંશ જ ન હોવાથી ઘરની તમામ મિલકત રાજાની થઈ જાય છે. હરિશંકર રાજાને વિનવણી કરી કમળા અને તેમની વહુનાં ગુજરાન માટે આજીજી કરે છે. કમળા ત્યારબાદ માંદગીમાં સપડાય છે. થોડા દાટેલાં સામાનમાંથી મંદિર બંધાવવાનું કહે છે. મોટી વહુ ત્યાં જ રહે છે. નાની વહુને પિયર તેડી જાય છે.

વેણી પ્રાણલાલની મોટી દીકરીનાં લગ્ન મનસુખ સાથે થાય છે. ગૌરી અને મંગળનાં લગ્ન થાય છે. માનશંકર મૃત્યુને આરે આવતા પોતાની મિલકતનું વીલ બનાવી મૃત્યુ પામે છે. વેણી–ત્રિવેણી બંને દાદી સાથે રહે, જે પ્રાણલાલને ગમતું નથી. તે તેમનું અપહરણ કરે છે. ઘરમાં માર મારે છે. સાપને દૂધ પાવાનું દીકરીને કહે છે. ધનની લાલચમાં એ ચકનાચૂર બને છે.

રુદ્રપ્રસાદ પોલીસખાતામાં ભરતી થાય છે. તે મામદની ટોળીને પકડવા જાય. ઘવાય છે. મામદ પણ ઘવાય છે. પીપળિયા લાલજીને ત્યાં મામદ રોકાય. ગની શેઠ પૈસા આપી મામદને લડાવે–ઝગડાવે. ગનીશેઠ પકડાય, લાલજીને ત્યાં મામદ હોવાના પોલીસને સમાચાર મકનજી આપે. લાલજી મકનજીનું ખૂન કરે છે.

નર્મદામાં ધીમે–ધીમે એક આત્માનાં કહેવાથી પરિવર્તન આવે છે તે જાત્રાએ જાય છે. માધવપુર ભગત પાસે જાય અને સત્કર્મો તરફ વળે છે. તે પ્રાણલાલ, મામદ વગેરેને આ બધી કુકર્મોભરી જિંદગીમાંથી બહાર આવવા સમજાવે છે.

પ્રાણલાલ કુકર્મોની બહાર નીકળતો નથી. બહારવટિયા સાથે પોલીસ તેને જોતાં પ્રાણલાલ ભાગી જાય છે. મામદ ગૌરીનું નાક કાપવા યોજના ઘડે. પણ ગૌરીની બહાદુરી મામદનું નાક કાપી નાખે છે. મામદ પકડાય જાય છે.

નર્મદા પોતાની વિદ્યા વેણીને આપી દેવા સમજાવે છે. મામદને ફાંસી થાય છે. નર્મદા અંતે મૃત્યુ પામે છે. શિવશંકરની પ્રથમ પત્ની ભટકતા આત્માની ઈચ્છાઓ ગિરજા અને હરિશંકર પૂર્ણ કરે. પ્રાચીમાં શ્રાદ્ધ કરે, નીલ પરણાવે, ભાગવત સપ્તાહ યોજાયને નવલકથા અંત પામે છે.

'આ લોક : પરલોક' નવલકથામાં ઘણાં લોક અને લોકોની વાત છે. એક જ ઘટના, પ્રસંગ મુખ્ય નથી પરંતુ ઘણી ઘટનાનો સુમેળ છે. જેમાં સામાજિક કૌટુંબિક બાબતો, રાજાશાહીનું વાતાવરણ, શ્રદ્ધા–અંધશ્રદ્ધા, અગાઉના બહાવટિયાનું વિશ્વ, બહારવટિયાનો મરજાદ, પુનર્જન્મ, ધર્મ, શ્રદ્ધા, સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારો, સૌરાષ્ટ્રનો દરિયાકિનારો, ગામો, ગીરના વિસ્તારો, નેસ, નાના ગામડાં, વિવિધ જાતિનાં લોકો વગેરેની આકર્ષક ગૂંથણી થઈ છે. અહીં સૌરાષ્ટ્રની પ્રજાનું ખમીર, રાજાશાહીના સમયનો તાદશ નમૂનો જોવા મળે છે.

નવલકથામાં પાત્રોનો શંભુમેળો જોવા મળે છે. ગિરજા, શિવશંકર, હરિશંકર, કમળા, ફુલશંકર, પ્રભુદાસ, માનશંકર, માણેક ઘેલી, કરુણાશંકર, નર્મદા, કશળ, મંછા, મનસુખ, ભાગુબહેન, પ્રાણલાલ, હીરાલાલ, મામદ, આદિતરામ, મીઠી, સતભામા, જન્મશંકર, રંભા, એભો, હસન, વરજાંગ, ઈસાક જેવા બહારવટિયા રતન, સમરસ, વેણી, ત્રિવેણી, કાંધો, અમરાબાપા, લાલજી, મકનજી, ચનો, ગોર, ગની શેઠ, કાનજી, મકરાણી, બલોચ, આરબ, કમળાની પ્રેમાત્મા મા વગેરે જેવાં નામી પાત્રો સાથે બીજાં કેટલાંય અનામી પાત્રોનું આબેહૂબ વર્ણનો મળે છે.

દરેક પાત્રનાં નિજીવિશ્વનો ખ્યાલ અહીં મળે છે. નર્મદા, પ્રાણલાલ, મામદ જેવાં ભયાનક માણસો, તો હરિશંકર, ગિરજા, ફુલશંકર, આદિતરામ જેવાં માયાળુ પાત્રો !

નવલકથા ત્રીજાપુરુષમાં કહેવાય હોવાથી વિવિધ સ્થળકાળ વાતાવરણનો વિનિયોગ સારો થયો છે. જેમાં સૌરાષ્ટ્રનાં કેટલાંક વાસ્તવિક અને અવાસ્તવિક જેવાં સ્થળોનો સમાવેશ થાય છે.

કથા કુંદનપુર, રાજનગર, અનંતપુર, માધવપુર, કનકપુર, માલપુર, હાપુર, માંગરોળ, દેવપુર, ખાનપુર, પીપળિયા, સૂરજગઢ, માણેકવાડા, કેસપરા, કાનપર, બાબરિયાવાણા, બરડાનો ડુંગર, બિલેશ્વર, ગીરના નેસ, જંગલનો પ્રદેશ વગેરે સ્થળે નવલકથાનો કથાંશ જોવા મળે છે.

નવલકથા વાંચતા વીસમી સદીના આરંભમાં સમાજમાં કેવી રૂઢિઓ હતી, અંધશ્રદ્ધા હતી તે અહીં જોવા મળે છે.

"હરિનાં લગ્નની ચિંતા હતી. છેવટે તપાસ કરતાં કરતાં ઘર મળ્યું. કન્યા પણ ઠીક હતી. પણ વિધવાના દીકરાને દીકરી આપે કોણ ? બારમાં વેવાઈ આવીને ઊભે એ શોભા જ જુદી છે."[૩]

રુદ્રપ્રસાદને બાળાને પ્રાણલાલ સાથે લગ્ન થાય એ પ્રાણલાલનાં ખરાબ વર્તનથી ગમતું ન હતું. તે તોડવાનું કહે છે. પણ :

"ભાઈ, ભગવાન સૌનું રક્ષણ કરે ! આપણાથી શું થાય ?
"આપણાથી બધું થાય. બાળાને ન મોકલીએ."
"ઘણીવાર આવી વાતો થતી. પણ રિવાજને વળગેલો સમાજ કયારેય પ્રગતિશીલ બન્યો નથી."[૪]

નવલકથામાં સંવાદ પણ લાઘવ, માર્મિક તથા વાતાવરણ અનુસાર થયેલો છે. પ્રેમાત્મા સાથે સંવાદ, પોલીસતંત્રની પૂછપરછનો સંવાદ, મા–દીકરીનો સંવાદ, ક્રોધ, લાગણી, ભય, જુગુપ્સાપ્રેરક વિવિધ સંવાદકલાના આદર્શ નમૂના નવલકથામાંથી મળે છે.

ભાષા, બોલી પણ સૌરાષ્ટ્રમાં લોકોનાં મુખની, સૌરાષ્ટ્રનાં વાતાવરણનો પરિચય આપનારી છે. જેમાં ગામડાની તળપદી બોલી અને શબ્દો વપરાય છે. તો કહેવતો, રૂઢિપ્રયોગો વગેરેનો વિનિયોગ પણ જોવા મળે છે.

- મીઠાં ઝાડનાં મૂળ કેમ ખવાય ! (પૃ.૩૯)
- મગમાં મીઠું પણ ન નાખવું. (પૃ.૪૦)
- પછેડી પ્રમાણે સોડ તણાય (પૃ.૪૨)
- પેટનાં બળ્યાં ગામ ન બાળે તો કરે પણ શું ? (પૃ.૬૪)
- ગરજ સરી એટલે વૈદ વેરી (પૃ.૬૬)
- કીડી ઉપર કટક ન હોય (પૃ.૯૪)
- રીંગણી પર હિમ ન પડાય (પૃ.૯૭)
- તમાશાને તેડૂ નહિ (પૃ.૧૨૩)
- બાકી ફિર પછાતાયે કયા કરે જબ ચિડિયા ચુગ ગઈ ખેત (પૃ.૨૧૪)
- હારેલો જુગારી બમણું રમે. (પૃ.૨૮૦)

આમ, સૌરાષ્ટ્રની બોલીમાં જોવા મળતાં રૂઢિપ્રયોગ અને કહેવતો એક અલગ ઓળખ બને છે. જે નવલકથામાં સ્પષ્ટ વર્તાય આવે છે.

આમ, 'આ લોકઃ પરલોક' નવલકથા અનેક લોકની કથા સમસ્યાની કથા છે. કુદરતના જન્મથી મૃત્યુના સ્વાભાવિક કાળક્રમની કથા છે. એટલે તો આચાર્યશ્રી અમૃતલાલ યાજ્ઞિક લખે છે : " 'આ લોક : પરલોક' ત્રણવાર વાંચી ગયો. પુષ્પાબહેન મહેતામાં સ્વાભાવિક સાહિત્યસર્જનની શકિતત હતી તેનું આનંદદર્શન મેં કર્યું."[૫]

❖ **સંદર્ભ :**


૧. પુષ્પાબહેન મહેતા, 'આ લોક પરલોક', પ્ર.આ.૧૯૮૯, અંતિમ પૃષ્ઠ

૨. એજન

૩. એજન, પૃ.૩૯–૪૦

૪. એજન, પૃ.૭૩

૫. એજન, પૃ.૫